રાજ્યસભામાં અસરકારક અને સફળ રજૂઆત કરવા બદલ રાજ્યસભાના સાંસદ નરહરી અમીનું સન્માન કરાયુ

● અમદાવાદ, તા. ૫

લેઉવા પટેલ પ્રગતિ મંડળ, કેળવણી ધામ, નિકોલ, અમદાવાદ અને અમદાવાદ તેમજ ગાંધીનગરની જુદી જુદી હોસ્ટેલની સેવાઓ આપતી સામાજિક સંસ્થાઓ દ્વારા ચેરીટેબલ ટ્રસ્ટો દ્વારા સંચાલિત હોસ્ટેલ સંબંધીત સેવાઓ માટે જીએસટીમાંથી મુક્તિ અપાવવા માટે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ભારત સરકારના માનનીય નાણાં મંત્રી નિર્મલા સીતારામન સમક્ષ અને રાજ્યસભામાં અસરકારક અને સફળ રજૂઆત કરવા બદલ રાજ્યસભાના સાંસદ નરહરી અમીન ના સન્માન નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નરહરિ અમીનનું અમદાવાદ તેમજ ગાંધીનગરની જુદી જુદી સામાજિક અને હોસ્ટેલ સંબંધિત સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ક્ષ આ પ્રસંગે નરહરિ અમીને જણાવ્યું હતું કે ગામડાઓમાંથી શહેરોમાં અભ્યાસ કરવામાં આવતા અને હોસ્ટેલમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને હોસ્ટેલ સંબંધિત સેવાઓ માટે અત્યાર સુધી ૧૨% જીએસટી લેવામાં આવતો હતો. જેમાંથી મુક્તિ અપાવવા માટે તેઓએ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ નાણામંત્રી નિર્મલા સીતારામનજી સમક્ષ તથા રાજ્યસભામાં પણ રજૂઆત કરી હતી. આ રજૂઆતને ધ્યાને લઈને જીએસટી કાઉન્સિલની ૫૩મી બેઠકમાં હોસ્ટેલ સંબંધિત સેવાઓ માટે માસિક રૂ.૨૦,૦૦૦ સુધીની ફી લઈને હોસ્ટેલ અને આવાસ સુવિધા આપવામાં આવતી હોય અને આવી સેવા ન્યૂનતમ ૯૦ દિવસની પૂરી પાડવામાં આવતી હોય તો તેવી હોસ્ટેલ સંબંધિત સેવાઓને જીએસટીમાંથી મુક્તિ આપવામાં આવી છે જે બદલ નરહરિ અમીને માનનીય વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી અને નાણામંત્રી મતી નિર્મલા સીતારામન નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, દરેક સમાજનાં લોકોને હવે આવનારા દિવસો માટે શિક્ષણ અને આરોગ્ય માટે ઉચ્ચતમ વ્યવસ્થા થાય અને દરેક સમાજના લોકોને એનાથી ફાયદો મળે એ દિશામાં હવે કાર્યકારવાની જરૂર ઉભી થઈ છે. તેથી સમાજનાં હોદ્દેદારો અને દાતાઓને મારી વિનંતી છે કે આગામી શિક્ષણ અને આરોગ્યની વ્યવસ્થા ઉભી થાય તે માટે તેમણે પુરૂ દાણ કરવું જોઈએ.

આ પ્રસંગે પૂર્વ મંત્રી વલ્લભ કાકડીયા તથા સરદારધામના પ્રમુખ ગગજી સુતરીયા એ પણ માનનીય વડાપ્રધાન , નાણામંત્રી તેમજ નરહરિ અમીન નો હોસ્ટેલ સંબંધી સેવાઓ પૂરી પાડતી સામાજિક અને ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓ વતી આભાર પ્રગટ કર્યો હતો.

ગોધરામાં સેલ્સગર્લે જ્વેલર્સના શોરૂમમાં ધાડ પાડી, કરોડો રૂપિયાના દાગીના સાથે ઝડપાઈ

● ગોધરા, તા.૫

ગોધરાના એલ. આઈ. સી રોડ પર આવેલા ધનરાજ જ્વેલર્સમાં નોકરી કરતી સેલ્સગર્લે બોયફ્રેન્ડ સાથે મળીને શોરૂમમાંથી સવા કરોડના દાગીનાની અલગ અલગ સમયે ચોરી કરી હતી. આ મામલે શોરૂમના માલિકને શંકા જતાં યુવતીએ ચોરીની કબૂલાત કરી હતી. બાદમાં પોલીસે આ સેલ્સગર્લની ધરપકડ કરી હતી.

મળતી માહિતી અનુસાર, ગોધરા શહેરમાં એલ. આઈ. સી રોડ પર ધનરાજ જ્વેલર્સમાં અનુષ્કા સેલ્સગર્લ તરીકે નોકરી કરી કરતી હતી. શોરૂમના માલિક હિમાંશુ અડવાણી રોજના સોના-ચાંદીના ઘરેણાંના વેચાણનો દૈનિક હિસાબ રાખતા હતા. ત્રીજી ઑગસ્ટે તેઓ દાગીનાની ગણતરી કરતાં હતા, ત્યારે કુલ દાગીનામાંથી ૨૬.૬૦ લાખની કિંમતની સોનાની ૧૬ ચેન અને ૬૬.૫૦ લાખ રૂપિયાની સોનાની ૪૯ બંગડીઓ જોવા મળી ન હતી.

ધનરાજ જ્વેલર્સ શોરૂમના માલિક હિમાંશુ અડવાણીએ તમામ સ્ટાફને બોલાવીને આ મામલે પૂછપરછ કરી હતી. જેમાં સેલ્સગર્લ અનુષ્કાએ છેલ્લા ૨૦ દિવસ દરમિયાન રાત્રે દુકાન બંધ કરવાના સમયે સ્ટોક મેન્ટેન વખતે ચોરીછૂપીથી આ દાગીનાની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. આ ઉપરાંત તેણે આ તમામ દાગીના ધાનકાવાડ વિસ્તારમાં રહેતાં તેના બોયફ્રેન્ડ નિમેષ ઠાકવાણીને આપ્યા હોવાની કબૂલાત કરી હતી.

હિમાંશુ અડવાણીએ શોરૂમમાંથી ૧,૨૬,૧૦,૦૦૦ રૂપિયાના સોનાના દાગીના ચોરી થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અનુષ્કાની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે, જ્યારે તેનો બોયફ્રેન્ડ ફરાર થઈ જતાં તેની શોધખોળ હાથ ધરી છે.

તોતિંગ ફી વસુલતી અમદાવાદ યુનિવર્સિટી સામે એનએસયુઆઇએ ફરી કર્યા ઉગ્ર દેખાવો

● અમદાવાદ, તા. ૫

અમદાવાદ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી સામાન્ય કોર્સિસની લાખો રૂપિયામાં ફી વસુલવામાં આવી રહી છે. અમદાવાદ યુનિવર્સિટીની આ મનમાની સામે એક સપ્તાહમાં સતત બીજીવાર એનએસયુઆઈ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. એનએસયુઆઈ દ્વારા જારી કરાયેલ યાદીમાં જણાવ્યું હતુ કે અમદાવાદ યુનિવર્સિટી દ્વારા સામાન્ય ગ્રેજ્યુએશન ફીલ્ડમાં પણ લાખો રૂપિયાની ફી વસુલવામાં આવે છે. બીએ, બીકોમ, બીએસસી તથા વિવિધ અલગ અલગ કોર્સની ફી એક સેમની રૂ. ૨૩૦૦૦થી ૪૬૦૦૦૦ લેવામાં આવે છે. જેથી મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ મેળવવાનું મુશ્કેલ બની જાય છે. ગુજરાતની અઈંદર આજે ભાજપ સરકારના રાજમાં મોંઘુ શિક્ષણ અને મોઘુ મેડીકલ થઈ ગયુ છે ત્યારે મધ્યમ ર્ગના લોકોને શિક્ષણ લેવુ હોય તો પણ વિચારવુ પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. હાલ એનએસયુઆઈ દ્વારા સતત બીજીવાર આ જ મામલે યુનિવર્સિટી સામે દેખાવો કરવામાં આવ્યા છે ત્યારે એનએસયુઆઈ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો છે અને ફી ઘટાડાવા માટે અલ્ટીમેટમ આપવામાં આવ્યુ છે.એનએસયુઆઈએ યુનિવર્સિટીમાં ઉગ્ર દેખાવો કરતા પોલીસ દ્વારા એનએસયુઆઇના પ્રમુખ નરેન્દ્ર સોલંકી સહિત ૨૦ કાર્યકર્તાઓની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી હતી. એનએસયુઆઈ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, સરકાર દ્વારા માત્ર સરકારી યુનિવર્સિટીમાં એફઆરસી લાગુ કરવામાં આવી છે.

સાગઠિયા પર પ્લાન પાસ કર્યા વગર જ બિલ્ડિંગ બનાવવાની મંજૂરીનો આરોપ

● રાજકોટ, તા.૫

રાજકોટમાં સાગઠિયાનું વધુ એક કારસ્તાન બહાર આવ્યું છે. સાગઠિયા પર ૨૫ હજાર વારની જગ્યાનો માલિક હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આંબેડકર ચોક નજીકની જગ્યા પર દબાણ કરવામાં આવ્યું છે. આમ મનસુખ સાગઠિયા સામે વધુ એક આરોપ છે.

સાગઠિયા પર પ્લાન પાસ કર્યા વગર જ બિલ્ડિંગ બનાવવાની મંજૂરીનો આરોપ છે. હાઈકોર્ટનો મનાઈહુકમ હોવા છતાં બાંધકામ કર્યાનો આરોપ છે. ખેડૂતની માલિકીની જમીન પર દબાણ કરી બાંધકામ કર્યુ હોવાનો આરોપ છે. બાંધકામ કરાવીને આખી બિલ્ડિંગ હાલમાં ભાડે આપી દેવામાં આવી છે.

મનસુખ સાગઠિયાએ ભ્રષ્ટાચારની માજા મુકી હોવાનું સામે આવ્યુ છે. શહેરમાં ઈમ્પેક્ટ ફીના નામે શાળા-કોલેજોને ડોમ બાંધવા માટે છૂટો દોર આપ્યો હતો અને સ્કલ-શાળાઓએ પણ ડોમ તાણી બાંધ્યા હતા. શહેરમાં ૮૦ જેટલી બિલ્ડીંગોમાં ડોમ બાંધ્યા બાદ ઈમ્પેક્ટ ફી ભરાઈ હોવાનું સામે આવ્યું છે. ત્યારે હવે મહાનગરપાલિકા દ્વારા તમામ જોખમી બાંધકામોને હટાવવામાં આવશે.

રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ મામલે સૌથી મોટો ઘટસ્ફોટ સાગઠિયાએ એસીબીની તપાસ દરમિયાન કર્યો હતો, તેણે કબૂલ્યું કે જે અગ્નિકાંડ બન્યો તેની પહેલા ગેમઝોન સંચાલકો પાસેથી તેણે લાંચ લીધી હતી. એસીબીની તપાસ દરમિયાન સાગઠીયાએ અનેક પ્લાન ભ્રષ્ટાચાર કરી પાસ કર્યાનું કબુલ્યું હતું.રાજકોટ એસીબીમાં મનપાના ક્લાસ વન અધિકારી મનસુખ સાગઠીયા સામે અપ્રમાણસર મિલકત અંગે ફરિયાદ નોંધાઈ હતી. જેને લઈને સોમવારે રાતથી એસીબીની ટીમે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા ટ્વીટ સ્ટાર ઓફિસમાં સીલ ખોલીને સર્ચ હાથ ધર્યું હતું. આ દરમિયાન ૫ કરોડ રૂપિયા રોકડા મળ્યા હતા, સાથે જ ૧ કરોડથી વધુની કિંમતનું સોનું પણ મળી આવ્યું હતું.એસીબીની ટીમ દ્વારા ૩ જેટલા બોક્સમાં રૂપિયા, સોનું, એક મોટી તિજોરી, પ્રિન્ટર સહિતના દસ્તાવેજો કબ્જે કરવામાં આવ્યા હતા. ત્યારે આગામી દિવસોમાં સાગઠીયા વિરુદ્ધની તપાસમાં શું મોટા ખુલાસાઓ થાય છે તે જોવાનું રહેશે.

જૂનાગઢમાં પોલીસે ૧૫ લાખનો વિદેશી દારૂ જપ્ત કર્યો, ઘાસની આડમાં હેરાફેરી થતી હતી

● જૂનાગઢ, તા.૫

જૂનાગઢમાં દારૂને પહોંચાડવા માટે બુટલેગરોએ નવો કીમિયો શોધી કાઢ્યો છે. તેઓ હવે ઘાસચારાની આડમાં દારૂની હેરાફેરી કરી છે. આમ પોલીસ એક પછી એક રસ્તા પકડતી જાય છે તેમ તેમ બુટલેગરો નવા-નવા રસ્તા શોધતા જાય છે. જૂનાગઢમાં ઘાસની આડમાં વિદેશી દારૂની હેરાફેરી ચાલે છે. ઘાસચારાની આડમાં વિદેશી દારૂ લાવવામાં આવતો હતો. આ સંદર્ભમાં રૂ. ૧૫ લાખની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.મેંદરડાના લીલવા અને પાટરામાં દારૂ ઝડપાયો છે. ટ્રેક્ટરમાં સંતાડીને વિદેશી દારૂ લાવવામાં આવતો હતો. પોલીસ આવતા જ આરોપીઓ દારૂનો જથ્થો મૂકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે દારૂનો જથ્થો કબ્જે કર્યો છે અને આરોપીઓને પકડવા તલાશી અભિયાન આદર્યું છે.હમણા સાત દિવસ પહેલાં પોલીસે બાઈક પર વિદેશી દારૂની હેરાફેરી પકડી પાડી માણાવદરના ત્રણ યુવાનની અટકાયત કરી હતી. માણાવદર પોલીસ સ્ટેશનનો સ્ટાફ બાટવા રોડ પર વાહન ચેકિંગ કરી રહ્યો હતો ત્યારે માણાવદરના સરદારગઢપરા પટેલની સામે રહેતો દિલાવર ઉર્ફે કારો અસલમ કુરેશી અને માણાવદરના બહારપરાનો રવિ ઉર્ફે ઝંડુ નંદલાલ કુદનાણી નામના બે યુવાન બાઈક પર શંકાસ્પદ હાલતમાં નીકળતા પોલીસે બંનેને રોકી તલાશી લેતા તેમની પાસેથી રૂપિયા ૪,૮૦૦ ની કિંમતના ઈંગ્લિશ દારૂની બાર બોટલ મળી આવતા બંનેની ધરપકડ કરી હતી.આ દરમિયાન બંને યુવકને દારૂ આપવા માટે બાઈક પર દારૂ લઈને આવેલ બાટવાના હર્ષદ લખમણ કરંગીયાને પણ પોલીસે ઝડપી લીધો હતો અને ત્રણેય પાસેથી કુલ રૂપિયા ૪૯,૮૦૦નો મુદ્દામાલ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

બીલીમોરામાં મેઘતાંડવ!

લોકોએ નદીના ધસમસતા પ્રવાહમાં વિતાવી રાત

● નવસારી, તા.૫

ગુજરાતમાં ભારે વરસાદને પગલે ઉત્તરથી થી દક્ષિણ સુધી ભારે તબાહીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. નવસારીમાં ભારે વરસાદને કારણે જળબંબાકાર થયું છે. ખાસ કરીને બીલીમોરા શહેરમાં ખુબ ખરાબ સ્થિતિ જોવા મળી રહી છે. અંબિકા અને કાવેરી નદીની સપાટી વધતા શહેરના રોડ પર કેડસમાં પાણી ભરાઈ ગયા છે. અનેક ઘરો પાણીમાં ગરકાવ થઈ જતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં ૫૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

બીલીમોરાથી અમરસણ જવાના મુખ્ય માર્ગ પર માર્ગ પાણી ફરી વળ્યા છે. મુખ્ય માર્ગ પર પાંચ ફૂટ કરતા વધુ પાણી ભરાયા છે. રોડ સાથે રોડની બંને બાજુ પાણીનો સૌથી વધુ વેણ જોવા મળી રહ્યો છે. પાણી ફરી જવાના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે. છાપર ગામનો રસ્તો પણ પાનીકામગારકાવ થઈ જતા ૫૦ જેટલા ગામો સંપર્કવિહોણા બન્યા છે. બીલીમોરા શહેરમાં આવેલા દેસરા વિસ્તારમાં લોકોના ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. બીલીમોરા નગરપાલિકા દ્વારા રાત્રી સમયે ૨૦૦થી વધુ લોકોનું શિફ્ટિંગ કરી દેવામાં આવ્યું છે. સ્થળાંતર કરાયેલા પૂર પીડિતોને બીલીમોરાની હાઈસ્કુલમાં સહી સલામત ખસેડાયા છે. પરંતુ હજી પણ ઘણી દુકાનો અને ત્રણથી ચાર ફૂટ જેટલા પાણી ભરાયેલા છે.

નદીઓના પાણીથી બીલીમોરા શહેર જળબંબાકાર બની ગયું છે. ભારે વરસાદને કારણે સ્થાનિકોએ પૂરના પાણીમાં મધ્ય રાત વિતાવી પડી હતી. મોડી રાત્રે વહીવટી તંત્ર દ્વારા લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. જણાવી દઈએ કે, દેસરા વિસ્તારમાં છેલ્લા કેટલાય વર્ષોથી પુરના પાણી ભરાઈ જાય છે.

દેસરા થી ભાઠા જવાના માર્ગ ઉપર કમર સુધી ભરાયા પૂરના પાણી જોવા મળી રહ્યા છે. દેસરા ભાઠા ફળિયામાં ભરાયાં પાણી ભરાતા એક યુવતીને ગભરાહટ થઈ જતા ફાયરની ટીમે તાત્કાલિક રેસ્ક્યુ હાથ ધર્યુ હતું. ફાયરની ટીમે યુવતીને ફળિયામાંથી સુરક્ષિત બહાર કાઢી સારવાર આપવામાં આવી હતી.

ફાયર એનઓસી વગર જ ધમધમતી પાંચ હોટલ, એક રિસોર્ટ સીલ

● અંબાજી, તા.૫

ગુજરાતના સૌથી સુપ્રખ્યાત શકિતધામ અંબાજીમાં ફાયર એનઓસી વગર ચાલતી ૫ હોટલ અને એક રિસોર્ટને સીલ મારવામાં આવ્યુ છે. રાજકોટ અગ્નિકાંડની ઘટનાના ૩ મહિના વીતી ગયા બાદ હવે અંબાજી પ્રશાસન સફાળુ જાગ્યુ હતુ.

ફાયર અને વનવિભાગે સંયુક્ત કાર્યવાહી કરીને ફાયરએનઓસી વગર ચાલતી હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળા અને રિસોર્ટ પર સપાટો બોલાવ્યો હતો. જેમાં ઈસ્કોન અંબે વેલી, ક્રિશ્ના હોટલ, માધવ ઈન હોટલ, વનરાજી રિસોર્ટ અને રાજપુત સમાજ ધર્મશાળામાં ફાયર એનઓસી ન હોવાના કારણે તાત્કાલિક અસરથી સીલ મારવામાં આવ્યું હતુ. અન્ય કાર્યવાહીમાં એક વગદાર વ્યકિતની ધર્મશાળા અને હોટલ પણ સીલ કરાઈ હોવાની ચર્ચાના પગલે હોટલ માલિકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. અંબાજી વન્ય વિસ્તારમાં અનેક ગેરકાયદે હોટલો લાઈસન્સ અને એનઓસી વગર ઉભી કરી દેવાઈ હતી અને તંત્ર અત્યાર સુધી મૌન ધારણ કરીને સમગ્ર તમાશો જોઈ રહ્યું હતુ પણ અચાનક સફાળા જાગીને હવે વન વિભાગની હદમાં ઉભા કરાયેલા રિસોર્ટ અને હોટલોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ૧૫૦થી વધુ હોટલ સંચાલકો પાસે ફાયર એનઓસી ન હોવાનુ તપાસમાં ખુલ્યું હતું. વરસો પછી એક સાથે વનવિભાગ અને ફાયર વિભાગે આવી કડક કાર્યવાહી કરતા હોટલ સંચાલકો પણ વિચારમાં પડી ગયા છે.આવતી કાલે પણ હોટલો અને રિસોર્ટમાં તપાસ ચાલુ રાખવામાં આવશે અને એનઓસી સહિતના દસ્તાવેજોની ચકાસણી હાથ ધરવામાં આવશે. જે હોટલ સંચાલકો અને રિસોર્ટ ધારકો પાસે જરુરી લાઈસન્સ નહી હોય તેમને સીલ મરાશે.

સોમનાથ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓ પડતર માંગ અને સેટલમેન્ટ મુદ્દે ટ્રસ્ટ સામે રીતસરની બાંયો ચઢાવી

● સોમનાથ, તા.૫

સોમનાથ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓ પડતર માંગ અને સેટલમેન્ટ મુદ્દે ટ્રસ્ટ સામે રીતસરની બાંયો ચઢાવી છે. ભારતીય મજૂર સંઘ સંલગ્ન ટ્રસ્ટના કર્મચારીઓના યુનિયનની બેઠક મળી હતી. તેમા આખો શ્રાવમમાસ કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ પ્રદર્શન કરશે તે પ્રકારનો નિર્ણય લેવાયો છે. કર્મચારીઓની ન્યાયિક માંગના મુદ્દે સોમનાથ વિસ્તારના ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ હીરા જોટવા અને વિધાનસભ્ય વિમલ ચુડાસમા પણ સમર્થનમાં ઉતર્યા છે.

સોમનાથ ખાતે યોજાયેલી સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના ભારતીય મજૂર સંઘના સંલગ્ન કર્મચારીઓ યુનિયનની જાહેર બેઠકમાં ભારતીય મજૂર સંઘના પ્રદેશ મંત્રી નાના ગિરધર પાટીલ, જિલ્લા મહામંત્રી પ્રતાપ કટારિયા, સોમનાથ ટ્રસ્ટ યુનિયનના પ્રમુખ જગદીશ પાઠક, ઉપપ્રમુખ માનસિંગ ડોડિયા, સોમનાથના વિધાનસભ્ય વિમલ ચુડાસમા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ હીરાભાઈ જોટવા, સોમપુરા બ્રહ્મ સમાજના પ્રમુખ હેમલ ભટ્ટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. આ બેઠકમાં સોમનાથ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓના મનસ્વી વલણની નિંદા કરાઈ હતી.

આ પ્રસંગે સોમનાથ ટ્રસ્ટ કર્મચારી યુનિયનના પ્રમુખ જગદીશ પાઠક અને ઉપપ્રમુખ માનસિંગ ડોડીયાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ટ્રસ્ટના કર્મચારીઓનું સેટલમેન્ટ છેલ્લા લાંબા સમયથી પડતર છે. અગાઉ કોરોના કાળ સમયે ટ્રસ્ટની વિનંતીના પગલે કર્મચારીઓ બેઠુ સેટલમેન્ટ ગ્રાહ્ય રાખી સહકાર આપ્યો હતો. તેના પછી ટ્રસ્ટે કર્મચારીઓ સાથે મનસ્વી વર્તન કરતા સેટલમેન્ટ સહિત કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે કોઈ જવાબ આપ્યો નથી. ટ્રસ્ટને યુનિયન તરફથી પંદરવાર પત્રો લખવા છતાં કોઈ હકારાત્મક વલણ દાખવવામાં આવતી નથી.

ભારતીય મજદૂર સંઘના પ્રદેશમંત્રી નાનાગીરધર પાટીલે સોમનાથ મંદિર ટ્રસ્ટના સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કર્મચારીઓની ન્યાયિક માંગણીઓ પ્રત્યે સેક્રેટરીના જક્કી અને અડીયલ વલણના કારણે સમસ્યા ઉભી થઈ છે. જો વહેલીતકે કર્મચારીઓના પ્રશ્નનો સુખદ ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ફરજ પડશે

દેવભૂમિ દ્વારકામાં પ્રેમલગ્નનો કરૂણ અંજામ

વિધર્મી યુવતી સાથે લગ્ન કરવા મામલે હિન્દુ યુવકની હત્યા

● દેવભૂમિ દ્વારકા, તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકના સેઢાખાઈ ગામે હિન્દુ યુવકની હત્યાની ઘટના સામે આવી હતી. ભાણવડ તાલુકાનું શેઢાખાઈ ગામમાં રહેતા ૨૪ વર્ષીય યાજ્ઞિક લક્ષ્મીદાસ દુધરેજીયા નામના યુવકે આજથી દોઢેક વર્ષ પહેલા શેઢાખાઈ ગામના જ ઈશા અબુ દેથાની પુત્રી રઝમા નામની મુસ્લિમ યુવતી સાથે પ્રેમ થતાં બન્નેએ ઘરેથી ભાગી પ્રેમ લગ્ન કરી ગામથી અન્ય જગ્યાએ રહેવા ચાલ્યા ગયા હતા. પરંતુ લગ્ન બાદ પણ બંને પ્રેમી પંખીડાની કોમ અલગ અલગ હોય યુવતીના પરિવારજનો આ લગ્નથી વિરોધ હતા. હાલ દોઢ વર્ષ જેટલો સમય વીત્યા બાદ યાજ્ઞિક અને રમઝા ઘરે દોઢ મહિના પહેલા એક પુત્રીનો જન્મ થતાં બંને યુવક યુવતી પોતાના ગામ પોતાના ઘરે શેઢાખાઈ મુકામે પરત આવ્યા હતા. ત્યારે હાલ યુવતીના ભાઈ નામે ૧. સાજીદ ઈશા દેથા તથા ૨. સલીમ દેથા, ૩. જૂમા દેથા, ૪. આદમ મુસા, ૫. ઓસમાન મુસા, ૬. હોથી દેથા દ્વારા યાજ્ઞિક દુધરેજીયા જ્યારે સેઢાખાઈ ગામમાં બહાર નીકળ્યો.

પશ્ચિમ રેલ્વે

ઇ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર ૬/૪૧/૨૦૨૪ તારીખ ૦૨.૦૮.૨૦૨૪

ક્રમ નં.	આઇટમનું ટૂંકું વર્ણન	જથ્થો	ટી.ઓ.ડી
541	કોમ્પ્રેસર પ્રકાર માટે વાર્ષિક ઓવરહોલિંગ કિટ RR20100CGM, MAKE-M/S ELGI	૧૭૦ સેટ	૨-સપ્ટે-૨૪
542	સ્લેક એડજસ્ટર	૬૫૧ અમને	૨-સપ્ટે-૨૪
543	આંતરિક કમ્બશન એન્જિન કેક કેસ તેલ પાવર કારના ડીઝલ એન્જિન માટે યોગ્ય બ્રાડ SAE 15W 40 API CI-4 પ્લસ ગ્રેડ	૧૨૦૬૯૭લિટર	૨-સપ્ટે-૨૪
544	વધારાની વાજબી ટિકિટ	૮૩૪૬૫અમને	૩-સપ્ટે-૨૪
545	સરફેસ ટ્રેવર્સર ૮૦ ટન (૨ ટ્રેક) રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર સિવિલ/ઇન્જી. અને ઇલેક્ટ્રિકલ કામ	૨ અમને	૪-સપ્ટે-૨૪
546	સરફેસ ટ્રેવર્સર 8OT (૨ ટ્રેક), જોડાયેલ સ્પષ્ટીકરણો અનુસાર ટર્નકી કોન્ટ્રાક્ટ પર કામ કરો	૨ અમને	૬-સપ્ટે-૨૪
547	નોન્ એસ્બેસ્ટોસ આધારિત K પ્રકાર ઉચ્ચ ઘર્ષણ સંયુક્ત બ્રેક બ્લોક	૧૩૧૭૯૩અમને	૧૧-સપ્ટે-૨૪
	રિવર્સ ઓક્શન		
42	સંપૂર્ણ બોડી શેલ એસેમ્બલીનું ફેબ્રિકેશન અને સપ્લાય	૨૦ સેટ	૨-સપ્ટે-૨૪

વિગતવાર સૂચના ઈરૂ, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો.

Like us on: facebook.com/WesternRly • Follow us on: x.com/WesternRly 0426

પૂરની સ્થિતિને જોતા લેવાયો નિર્ણય

વલસાડ જિલ્લામાં આંગણવાડી, શાળા-કોલેજ બંધ રાખવા આદેશ

● વલસાડ, તા.૫

વલસાડ જિલ્લામાં શરૂ થયેલો ભારે વરસાદ રવિવારે પણ યથાવત રહ્યો હતો. વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદને લઈ જિલ્લા વહીવટી તંત્રએ એક મોટો નિર્ણય લીધો છે.

વલસાડ જિલ્લાની તમામ શાળા, કોલેજો, ITI, આંગળવાડીઓને બંધ રાખવાનો આદેશ અપાયો છે. જિલ્લા વિકાસ અધિકારીએ ટ્વિટર પર આ માહિતી આપી છે. સોશિયલ મીડિયા મારફતે વલસાડ વહીવટી તંત્રએ લોકોને જાણકારી અપાઈ છે. વલસાડ જિલ્લામાં ભારે વરસાદને કારણે આ નિર્ણય લેવાયો છે.

વલસાડ જિલ્લામાં ઉપરવાસમાં ધોધમાર વરસાદ કારણે વલસાડની ઔરંગા નદીએ પોતાની ભયજનક સપાટી વટાવી છે. વલસાડની ઔરંગા નદી પોતાની ભયજનક સપાટી વટાવી ૬ મીટર પર વહેતા વહીવટી તંત્ર દ્વારા નીચવાળા વિસ્તારના લોકોને સ્થળાંતર કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાથે વલસાડની ઔરંગા નદી ભયજનક સપાટી પર વહેતા ભાગડા ખુર્દ ગામ તથા વલસાડ શહેરના બંદર રોડ, કશ્મીર નગર, કૈલાશ રોડ સહિતના શહેરી વિસ્તારોમાં પાણી ઘુસી જવા પામ્યા હતા.

વલસાડ જિલ્લા કલેક્ટર સહીતની ટીમ પુરની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સક્ષ્ઞ બની છે. સાથે નીચવાળા વિસ્તારોમાં મુલાકાત લઈ રહી છે. વલસાડ જિલ્લામાં તમામ પરિસ્થિતિને પહોંચી વળવા દ્રઢઈઃની ટીમ સ્ટેન્ડબાય રાખવમાં આવી છે. વલસાડ જિલ્લાના ઉપવાસમાં ભારે વરસાદને લઈને વલસાડની ઓરંગા નદીએ પોતાની ભયજનક સપાટી વટાવતા વલસાડનું વહીવટી તંત્ર એલર્ટ થયું.

વલસાડ જિલ્લા કલેક્ટર સહીતની ટીમ પુરની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સક્ષ્ઞ બની છે. સાથે નીચવાળા વિસ્તારોમાં મુલાકાત લઈ રહી છે. વલસાડ જિલ્લામાં તમામ પરિસ્થિતિને પહોંચી વળવા દ્રઢઈઃની ટીમ સ્ટેન્ડબાય રાખવમાં આવી છે. વલસાડ જિલ્લાના ઉપવાસમાં ભારે વરસાદને લઈને વલસાડની ઓરંગા નદીએ પોતાની ભયજનક સપાટી વટાવતા વલસાડનું વહીવટી તંત્ર એલર્ટ થયું.

ઔરંગા નદીના પાણી વલસાડ શહેરના નીચાળવાળા વિસ્તાર એવા કાશ્મીર નગરમાં પાણી ઘૂસવાના શરૂ થતા તંત્ર દ્વારા પોલીસની મદદથી સ્થાનિકોને સ્થળાંતર કરવાની કામગીરી હાથ ધરાઈ ફાયર વિભાગની ટીમ તેમજ પોલીસની ટીમનો કાફલો ઘટના સ્થળે પહોંચી લોકોને અહીંથી સ્થળાંતર કરવાની અપીલ કરી હતી ૧૫૦ થી લોકો ને સેલ્ટર હોમ ખાતે ખસેડવામાં આવ્યા વલસાડ મામલતદાર પણ ખડે પગે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી.

પેટલાદના કાણીયામાં ૨૨ વર્ષીય યુવતી ઉર દુષ્કર્મ આચરી, ગર્ભવતી બનાવનાર નરાધમ પકડાયો

● આણંદ

પેટલાદ તાલુકાના કાણીયામાં રહેતાં એક નરાધમ શખ્સે ગામની સીમમાં ઘાસચારો લેવા આવતી ૨૨ વર્ષીય યુવતી પર બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી હતી. આ અંગે ભોગ બનનાર યુવતીની ફરીયાદને આધારે પેટલાદ રૂરલ પોલીસે ગુનો નોંધી, ગણતરીના દિવસોમાં જ નરાધમ શખ્સને પકડી પાડી કાર્યવાહી હાથ ધરી છે.પેટલાદ તાલુકાના કાણીયા ગામમાં રહેતાં ભરત તળપદાએ ગત તારીખ ૧૦-૧૧-૨૩ ના રોજ સવારના સમયે ગામની સીમમાં પશુઓ માટે ઘાસચારો લેવા માટે જતી ૨૨ વર્ષીય યુવતીને ૫ કડીને બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું અને જો કોઈને આ બાબતની વાત કરીશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકીઓ આપી હતી. જેથી ડરી ગયેલી યુવતીએ આ અંગેની જાણ કોઈને કરી ન હતી. જે બાદ થોડાં દિવસો અગાઉ યુવતી ખેતરમાં જવા માટે નીકળી હતી ત્યારે પણ ભરતે પીછો કરીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી યુવતી ઉપર બળજબરીથી દુષ્કર્મ